**આકાશવાણી – ભુજ**

**સમાચાર વાચક: વિરલ રાણા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: 29-09-2024 રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## PM મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 114 મી કડી હશે.સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

**RNU AHMDAVAD**

## ગૃહ રાજ્યમંત્રી

આગામી નવરાત્રીના ઉત્સવને લઇને પોલીસ તંત્રને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સૂચનાઓ આપી છે..આ વર્ષે પણ વેપારીઓ મોદી રાત સુધી સારી રીતે ધંધો રોજગાર કરી શકે અને રાજ્યના નાગરિકો ઉત્સાહપૂર્વક નવરાત્રી પર્વ ઉજવી શકે તે માટે પોલીસ તંત્રને ખાસ સૂચના અપાઈ હોવાનું શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. જોકે તેમણે લોકોને કોઇને ખલેલ નપહોંચે તે રીતે નવરાત્રી ઉજવવા અપીલ કરી છે.તેમણે આયોજકો અને ખેલૈયાઓને તાકીદ કરી છે કે મ્યુઝીક અને ડીજેના કારણે અન્ય નાગરિકોને હેરાન ન થાય એની તકેદારી રાખવમાં આવે.

**RNU AHMDAVAD**

## પશ્ચિમ કચ્છ પોલીસ નવરાત્રી સૂચનો

પશ્ચિમ કચ્છ પોલીસ તંત્ર દ્વારા નવરાત્રીને ધ્યાને લઈ  કોઈ અનઈચ્છીનય ઘટના ન બને તે માટે નવરાત્રી આયોજકોને તાકીદ કરાઈ છે. જે મુજબ પાર્ટી પ્લોટ અને ગરબા ગ્રાઉન્ડમાં પાર્કિંગની આસપાસ લાઈટની ફરજીયાત વ્યવસ્થા, ગરબા ગ્રાઉન્ડ પર જનાર રસ્તાઓ, પાર્કિંગ,મંડપ સહિતના સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા ફરજીયાતપણે લગાડવા તાકીદ કરાઈ છે.

આ ઉપરાંત નાના નવરાત્રી આયોજનો માટે પણ વિવિધ સુચનો કરાયા છે. ગરબા સ્થળો  ઉપર મહિલા પોલીસની ટીમો સાદા ડ્રેસમાં હાજર રહેશે. તો એન્ટી રોમિયો સ્કવોડ પણ સક્રિય રહેશે તેવુ જણાવાયુ છે. આ ઉપરાંત કોર્મશિયલ પ્રકારની નવરાત્રી રાત્રીના 12 વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે. જેમાં એન્ટ્રી પોઈન્ટ પર મેટલ ડિટેક્ટર, વિડીયોગ્રાફી સહિતના સલામતી અંગેના પગલા લેવા સુચનો કરાયા છે.

RNU BHUJ / સ્થાનિક સમાચાર

---

## માતાના મઢ પદયાત્રિકો સેવા કેમ્પ

**દેશદેવી માં આશાપુરાના સ્થાનક માતાના મઢે રાજ્ય તથા  ન્ય રાજ્યોમાંથી માઈભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શન કરવા આવતા હોય છે. ત્યારે  જિલ્લાના પ્રવેશદ્વાર સમાન સૂરજબારી પછી વિવિધ સેવા કેમ્પોની હારમાળા સર્જાઇ છે . પદયાત્રિકોના પ્રવાહથી ધોરીમાર્ગો ચેતનવંતા બન્યા છે.**

**ધોરીમાર્ગ પાસે આવેલા ગામડાંઓની દુકાનોમાં યાત્રિકોના કારણે ભીડ જામી રહી છે.ધોરીમાર્ગ ઉપર જય માતાજીના નારા ગૂંજી રહ્યા છે . દર વર્ષની માફક  સાઈકલથી  આવતા યાત્રાળુઓની તેમજ પદયાત્રીઓની સેવા માટે માતાના મઢ સુધી કેમ્પો સજ્જ થઈ રહ્યા છે.જેમાં પ્રસાદ, ચા-નાસ્તો,ભોજન તબીબી સેવા સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે.**

**આસો નવરાત્રિ પર્વને લઇને મા આશાપુરાના દર્શન માટે પદયાત્રીઓનો પ્રવાહ માતાના મઢ ભણી આગળ ધપી રહ્યો છે, ત્યારે માતાનામઢ મંદિર સંકુલમાં મોબાઈલ, કેમેરા, શ્રીફળ લઇ જવા પર પાબંદી લગાવાઇ છે. નિવાસી  ધિક કલેક્ટરે ટ્રાફિક નિયમન સાથે 5 જાહેરનામા બહાર પાડ્યા છે.**

RNU BHUJ / સ્થાનિક સમાચાર

---

## રેટીયો બારસ

ગુજરાતી પંચાંગ અનુસાર આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ છે તેમનો જન્મ ભાદરવા મહિના ની કૃષ્ણ પક્ષ ની બારસ નાં દિને થયો હતો જીવનભર ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ અને રેટીયા કાંતણ ને મહત્વ આપ્યું હતું તેથી તેમની જન્મ જયંતિ રેટીયા બારસ તરીકે જાણીતી છે.

વિરલ રાણા

---

## કચ્છ લોકમંથન કાર્યક્રમ

ભારતીય વિચારમંચ દ્વારા કચ્છ યુનિવર્સિટીના પ્રાંગણમાં બે દિવસીય કચ્છ લોક મંથન કાર્યક્રમનો ગઈકાલે પ્રારંભ. પ્રથમ સત્રના મુખ્ય વક્તા જાણીતા સાહિત્યકાર અકાદમીના અધ્યક્ષ ડોક્ટર ભાગ્યેશ જાય પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ લોક સંસ્કૃતિ પાસે છે અને તેમનું જતન કરવું એ જ સાચું લોક મંથન છે.

વિરલ રાણા

---

## વિશ્વ હ્રદય દિવસ – વોકેથોન

આજે વિશ્વ હૃદય દિવસ છે હૃદયોત્સવ નિમિત્તે આરોગ્યની જાળવણી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે જિલ્લા મથક ભુજમાં વોકાથોન,સાયક્લોથોન સહિતના કાર્યક્રમમાં યોજાયા છે. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા છે.

## ગ્રામીણ પર્યટન પુરસ્કાર

કેન્દ્રિય પ્રવાસ મંત્રાલય દ્વારા છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના ‘હાફેશ્વર ગામને વારસા શ્રેણીમાં "શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન ગામનો પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. તેના પરિણામે હાફેશ્વર ગામને વૈશ્વિકસ્તરે વિશેષ સ્થાન મળ્યું છે.

હાફેશ્વર ગામને 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે.

RNU AHMDAVAD

---

## હવામાન – વરસાદ

વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં ગઈકાલે રાપરમાં બે ▯ ને ગાંધીધામમાં એક ઇંચ જેટલો વરસાદ વરસે હતો. હવામાન વિભાગ દ્વારા સોમવાર થી સવાર સુધી જિલ્લામાં કે કેટલાક સ્થળે ગાજે સાથે વરસાદ વરસે તેવી આગાહી કરવામાં આવી છે.

NP / વિરલ રાણા

---